**<u>નીતિ અમલીકરણના પ્રજાના વિચારો અને રજુઆતોની ગોઠવણ</u>**

શહેરના તમામ પોલીસ સ્ટેશન ખાતે દરમાસે લોક દરબાર યોજવામાં આવે છે. આ દરમ્યાન લોકોના પ્રશ્નો સાંભળી સ્થાનિક અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપી લોકપ્રશ્નનો નિકાલ કરવામાં આવે છે. આ પ્રસંગે લોકો તરફથી મળતાં સુચનો નોંધી કરી કાયદાની મર્યાદામાં રહી તે મુજબ અમલીકરણ કરવા પ્રયત્નો કરવામાં આવે છે. તથા વખતો વખત આ બાબતેના જરૂરી માર્ગદર્શનો ધ્યાને લઇ તે મુજબ અમલવારી કરવામાં આવે છે.

**<u>જાહેરખબરનાઃ-</u>**

રાજકોટ શહેરશના તમામ પોલીસ સ્ટેશન ખાતે જાહેર નોટીશ બોર્ડ મુકવામાં આવેલ છે. તેમજ અધિકારીઓના અન્ય સાધન વાહનોમાં ઉપલબ્ધ પબ્લીક એડ્રેસ સીસ્ટમથી કુદરતી આફતો સમયે તથા અન્ય અગત્યના પ્રસંગે જાહેર જનતાને આ માધ્યમથી માહિતગાર કરી જરૂરી સુચના આપવામાં આવે છે.આ ઉપરાંત જરૂરી બાબતો વર્તમાનપત્રમાં તથા સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે. ગુમ થયેલ કે મળી આવેલ વ્યકિત કે મરણ થયેલ વ્યકિતના વાલી-વારસાની જાણકારી મેળવવા રેડીયો કે દુરર્દશન જેવા માધ્યમોની મદદથી જરૂરી જાહેરાતો કરવામાં આવે છે.